મેઘરજના ધાનીવાડમાં હજ્જારો લીટર પાણીનો વેડફાટ

અરવલ્લીમાં એક બાજુ પાણીનો પોકાર : મેઘરજ ધાનીવાડ વાસ્મો યોજનાની પાઈપ ક્ષતિગ્રસ્ત હજ્જારો લીટર પાણીનો વેડફાટ

ઉનાળાનો મધ્યાહને તપી રહ્યો છે અરવલ્લી જીલ્લાના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાં પાણીના પોકાર પડી રહ્યા છે વહીવટી તંત્ર પ્રજાજનોને પાણીની સમસ્યા નિવારવા એક્શન પ્લાન ઘડી કાઢયો છે એસકે-૨ અને એસકે-૩ મુજબ પાણી પહોંચાડવા કવાયત હાથધરી છે ત્યારે મેઘરજ તાલુકાના ધાનીવાડ ગામ નજીક વાસ્મો યોજનાની પાણીની પાઈપ લાઈનમાં ભંગાણ સર્જાતા હજ્જારો લીટર પાણીનો વ્યય થતા પાણી ની નદીઓ વહેતા પ્રજાજનો અને ખેડૂતોમાં જવાબદાર તંત્ર સામે રોષ ભભૂકી ઉઠ્યો હતો.

અરવલ્લી જીલ્લાના અનેક ગ્રામ્ય વિસ્તારોમાં પાણીના એક બેડા માટે મહિલાઓ બે થી ત્રણ કિલોમીટર રઝળપાટ કરે ત્યારે

માંડ માંડ પીવાના પાણીનો જુગાડ કરી રહી છે પાણી ની અછત વાળા વિસ્તારોમાં પાણી પહોંચાડવા એસકે-૨ અને ૩ યોજના અને વાસ્મો યોજના અંતર્ગત પાણીની પાઈપ લાઈન નાખવામાં આવી છે અને પાઈપલાઈન પર સંપ લગાડવામાં આવ્યા છે પાણી પુરવઠાની બેદરકારીના પગલે જિલ્લામાં પાણીનો પુરવઠો પૂરો પાડતી પાઈપલાઈનમાં અનેક વાર ભંગાણ સર્જાતા હજ્જારો લીટર પાણી નો વ્યય થઈ રહ્યો છે બીજીબાજુ પાણી વગર અનેક ગામો ટળવળટા જોવા મળે છે

મેઘરજના ધાનીવાડ ગામ નજીક પસાર થતી વાસ્મો યોજના અંતર્ગત પાણી પૂરું પાડવા માટે નાખવામાં આવેલી પાણીની પાઈપલાઈનમાં ભંગાણ સર્જાતા પાણીની નદીઓ વહી હતી તદઉપરાંત પાણીની પાઈપ લાઈનમાં સંપમાં લગાવેલ એર વાલ્વ પણ ઠેર ઠેર લીકેજ સર્જાતા પાણીનો વેડફાટ થતા લીકેજ એર વાલ્વ રીપેર કરવામાં આવે તે ખુબ જરૂરી બન્યું છે.

પાલનપુરમાં ૧૯ શાળાઓમાં ૪૫૮૪ વિદ્યાર્થીઓએ ગુજકેટની પરીક્ષા આપી

દિવસ દરમિયાન ચાર પેપર લેવાયા : શાંતિપૂર્ણ માહોલમાં વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી

પાલનપુર

પાલનપુરમાં જુદી-જુદી ૧૯ શાળાઓમાં ગુજકેટની પરીક્ષા યોજવામાં આવી હતી.જેમાં ૪૫૮૪ વિદ્યાર્થાઓએ શાંતિ પૂર્ણ માહોલમાં પરીક્ષા યોજાઇ હતી.

પાલનપુર શહેરમાં ધોરણ ૧૨ સાયન્સના વિદ્યાર્થીઓની શુક્રવારે ગુજકેટની પરીક્ષા યોજાઇ હતી.આ અંગે શિક્ષણ વિભાગના સુત્રોએ જણાવ્યુ હતુ.કે પાલનપુરની ૧૯ શાળાઓમાં ગુજકેટની પરીક્ષાના કેન્દ્રો ઉભા કરવામાં આવ્યા છે.જેમાં કુલ ૪૫૮૪ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.જેમાં સવારે ૧૦ થી૧૨ પ્રથમ પેપર ફિજીક્સ,કેમેસ્ટ્રી તેમજ બીજુ પેપર ૧ થી ૨ બાયોલોજી અને ત્રીજુ પેપર ૩ થી ૪ મેથ્સની પરીક્ષા યોજાઇ હતી.પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થઇ હતી.વિદ્યાર્થીઓને તકલીફ ન પડે તે માટે તંત્ર દ્વારા તમામ વ્યવસ્થા કરવામાં આવી હતી.

વિશ્વ મેલેરિયા દિને માલપુર તાલુકામા વિવિધ કાર્યક્રમો યોજાયા

૨૫ એપ્રિલ વિશ્વ મેલેરિયા દિવસ હોવાથી ઝીરો મેલેરિયા કેસ ની નેમ હેઠળ માલપુર તાલુકામા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર જીતપુર ખાતે રંગકલા, કૌશલ્યધારા, સપ્તધારાથી સ્વાસ્થ્ય અંતર્ગત ICE કરવા માટે રંગોળીનું સુંદર નિરુપણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સમગ્ર જીતપુર ગામમા મેલેરિયા નાબૂદી માટે પપેટ નિદર્શન સાથેની રેલીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. સબસેન્ટર ઉભરાણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું રંભોડા મારફતે તાલુકા કક્ષાનો વિશ્વ મેલેરિયા દિવસ ઉજવાયો જેમા તમામને સેંસિટાઈઝ કરવામાં આવ્યા અને મેલેરિયા નિર્મુલન કાર્યક્રમ માટેના ઉપાયો લક્ષણો તેમજ અટકાવવાના ઉપાયો જણાવવામા આવ્યા હતા. આ રેલીમા વિવિધ મલેરિયા અટકાવવાના પોસ્ટર લઈ ગામમા પ્રચાર કરવામાં આવ્યો હતો અને પપેટ મારફતે નાટકનું આયોજન પણ કરવામાં આવ્યું હતુ. તેમજ વિવિધ સપ્તધારાની કલાથી પ્રચાર પ્રસારનુ પણ આયોજન કરાયું હતું. સાતરડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મારફતે પણ રેલી તેમજ જુથ ચર્ચાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું સાથે સંગીતધારા, રમતગમત ધારાથી સાતરડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તેમજ રંભોડા પ્રાથમિક કેન્દ્ર ખાતે નવી ટીમથી વિવિધ IEC કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન તાલુકા આરોગ્ય અધિકારી યોગેશભાઈ ગોસ્વામીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

ડીસા સહિત જિલ્લામાં લગ્નોની મોસમ ખીલી

ડીસા

રણ વિસ્તાર ધરાવતા બનાસકાંઠા જિલ્લામાં ભીષણ ગરમીના પ્રકોપ. વચ્ચે લગ્નોની મોસમ પણ પૂરબહારમાં ખીલી ઉઠી છે તેથી શરણાઇના સુર સંભળાવા સાથે ઠેરઠેર વરઘોડા નજરે પડી રહ્યા છે ગરમીની પરવા કર્યા વિના લગ્નોમાં સ્નેહી સ્વજનો ડી. જે. ના તાલે ઝૂમી ઉઠે છે લગ્નોને લઈ શહેરી બજારોમાં બપોરના સુમારે પણ ભીડ નજરે પડી રહી છે ખાસ કરીને સોના ચાંદી, રેડીમેડ કાપડ, વાસણ,શૃંગારની અને કરીયાણા ની દુકાનોમાં ભારે ભીડ જામતા વેપારીઓ વ્યસ્ત બની ગયા છે લગ્નોના વ્યવહાર સાચવવા ઘરાકી નીકળતા વેપારીઓએ હાશકારો અનુભવ્યો છે પરન્તુ નોટ બંધી ની હજુ અસર વર્તાતા લોકો ગજા પ્રમાણેની ખરીદી કરી મોટી ખરીદીમાં કાપ મૂકી રહ્યા છે તેમછતાં લગનોની મોસમ હજુ વૈશાખ અને જેઠ મહિના સુધી ચાલશે તેથી બજારોમાં થોડીઘણી તેજી જોવા મળશે તેમ વેપારીઓએ જણાવ્યું હતું હાલમાં તો લગ્નોને લઈ ગોરબાપા સહિત ડીજેવાળા, પાર્ટી પ્લોટ હોલવાળા ,કેટર્સર રસોયા લકઝરી વાહનોવાળા, ફોટોગ્રાફર, વિગેરેની દોડધામ વધી ગઈ છે એ સિવાય લગ્નોમાં નાચતી ઘોડીઓની માંગ પણ વધી પડી છે જેને જોવા લોકોના ટોળેટોળાં ઉમટી પડે છે જેથી લગ્નની અસલ રન્ગત જામે છે.

પાલનપુરમાં ઈવીએમ રીસિવિંગની પ્રક્રિયા દરમિયાન કર્મચારી રાજાપાઠમાં ઝડપાતા ચકચાર

જગાણા એન્જીનીયરીંગ કોલેઝમાં દારૂ પીને આવેલા સબ રજિસ્ટ્રાર સામે કાયદેસરની કાર્યવાહી

પાલનપુર

બનાસકાંઠા લોકસભાની ચૂંટણી પુરી થયા બાદ ઈવીએમ પાલનપુર નજીક આવેલી જગાણા એન્જીનીયરીંગ કોલેઝમાં મુકવામાં આવ્યા છે. જેની રિસીવિંગ કરવાની પ્રક્રિયા દરમિયાન એક કર્મચારી રાજાપાઠમાં મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. પોલીસે તેની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પાલનપુરમાં સરકારી કર્મચારી ફરજ ઉપર દારૂ પીધેલી હાલતમાં ઝડપાઇ જતાં ચકચાર મચી જવા પામી છે. આ અંગે પ્રાપ્ય વિગતો મુજબબનાસકાંઠા લોકસભાની ચૂંટણી પુરી થયા બાદ ઈવીએમ પાલનપુર નજીક આવેલી જગાણા એન્જીનીયરીંગ કોલેઝમાં મુકવામાં આવ્યા છે. જેની રિસીવિંગ કરવાની પ્રક્રિયા દરમિયાન સબ રજિસ્ટ્રાર એન. ડી. સુવાતર રાજાપાઠમાં મળી આવ્યા હતા. આ અંગે જાણ કરવામાં આવતાં પોલીસે તેની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, ચૂંટણીની મહત્વની પ્રક્રિયા દરમિયાન આ કર્મચારી ક્યાંથી અને કેવી રીતે દારૂ મેળવ્યો તેની ધોર બેદરકારી સામે આવી છે. એક તબક્કે આ કર્મીએ જાહેરમાં તમાશો પણ કર્યો હતો.

પાલનપુરમાંથી ક્રિકેટ સટ્ટો રમતા સાત નબીરા ઝબ્બે

ભૂજ આર. આર. સેલની ટીમે પાલનપુરની પરફેકટ રેસીડન્સીમાં ગુરૂવારે મોડીરાત્રે ઓચિંતો રેડ કરી ક્રિકેટ મેચ ઉપર સટ્ટા ઝડપી લીધો હતો. જ્યાંથી પાલનપુર અને પાટણના સાત નબીરાઓને સટ્ટો રમતાં રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા હતા. જેમની પાસે બે કારો, રોકડ રકમ તેમજ ઈલેકટ્રીક સાધનો મળી કુલ રૂપિયા ૨૦,૦૬,૧૫૦નો મુદ્દામાલ કબ્જે લઈ તમામની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

પુત્રને ટ્યુશન મૂકી પરત ફરતાં પિતાને કાળ ભરખી ગયો

પાલનપુરના ગઢ નજીક બાઈક અને વાન વચ્ચે અકસ્માત સર્જાયો

પાલનપુર

પાલનપુરના ગઢ ગામ નજીક ગુરૂવારે પોતાના પુત્રને બાઈક ઉપર ટ્યુશન મૂકી પરત ફરી રહેલા પિતાને વાન ચાલકે ટક્કર મારી હતી. આ અકસ્માતમાં તેમનું કરુણ મોત નિપજયું હતું.

પાલનપુરના ગઢ નજીક સર્જાયેલા અકસ્માતની વિગતો એવી છે કે, પાલનપુર તાલુકાના ટાકરવાડા ગામના વતની પ્રકાશચંદ્ર કરશનભાઈ વાણીયા ગુરુવારે સવારે પોતાના પુત્રને ગઢ ખાતે ટ્યુશનમા મુકી ને બાઈક પર પરત ટાકરવાડા આવી રહ્યા હતા. દરમિયાન ગઢ નજીક સામેથી પુરઝડપે આવી રહેલ વાન ના ચાલકે ગફલતભર્યુ ડ્રાઇવીગ કરીને બાઈકને જોરદાર ટક્કર મારી હતી. જેમાં પ્રકાશચંદ્રને ગંભીર ઈજાઓ થતા તેમનુ મોત નિપજ્યુ હતુ. અકસ્માતને પગલે સમગ્રપંથકમાં અરેરાટી પ્રસરી જવા પામી હતી. આ અંગે નોંધાયેલી ફરિયાદના આધારે પોલીસે વાન ચાલક સામે ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.આ બનાવ અંગે ગઢ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ખેડબ્રહ્મા શહેરમાં ગરમીનો પારો ૪૩ ડીગ્રીએ પહોંચી ગયો

ખેડબ્રહ્મા, તા. ૨૬

ખેડબ્રહ્મા શહેર તેમજ તાલુકામાં કેટલાક દિવસોથી ઉત્તર ગુજરાતમાં ગરમીનો પારો ૪૦ થી ૪૨ ની વચ્ચે રમી રહ્યો છે. જે હવે

૪૫ ડિગ્રીએ પહોંચવાની પ્રબળ સંભાવના હોવાનું સામે આવ્યું છે. હવામાન વિભાગની આગાહી મુજબ શુક્રવારથી ત્રણ દિવસ માંથુ ફાડી નાખે તેવી ગરમી પડી શકે છે. આનાથી પ્રાથમિક શાળાના બાળકો, મજૂરો, છૂટક ધંધાર્થીઓ સહિતનાને આગ ઓકતી ગરમીનો સામનો કરવાની નોબત આવી છે.

ઉત્તર ગુજરાતના ખેડબ્રહ્મા તાલુકામાં ગરમીએ માજા મૂકી હોય તેવુ લાગે છે. શુક, શનિ અને રવિવાર સુધી ગરમીનો પારો ઉંચકાવાનો હોવાની આગાહી કરવામાં આવી છે.

સરેરાસ ૪૨-૪૩ ડીગ્રીમાં પણ શરીર દાઝી રહ્યું હોવાની અનુભુતિ વચ્ચે ૪૫ ડીગ્રી ગરમી પડવાની વાત સામે આવતા સંસ્થાઓ દ્વારા પૂર્વ તૈયારીઓ શરૂ થઈ છે.

ખાસ કરીને નાના બાળકો અને ખુલ્લામાં મજૂરી કરતાં શ્રમિકોને ગરમી અકળાવી શકે છે. સુત્રોના જણાવ્યા મુજબ સતત ત્રણ દિવસ ગરમીનો મારો રહેવાની સંભાવના જોતા બને ત્યાં સુધી ડોક્ટરની સલાહ અનુસાર બહાર ન જવું તેમજ વધુને વધુ પાણી અને છાસ શેરડીના રસનું વધુમાં વધુ પીવુ જોઈએ એવું જણાવ્યું છે.

પ્રાંતિજ પી.ટી.સી. કોલેજ ખાતે નિવૃતિ વિદાય સમારોહ યોજાયો

પ્રાંતિજ, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ વી.એસ.રાવલ પી.ટી.સી. કોલેજ ખાતે જુનીયર કલાર્ક તરીકે ફરજ બજાવતા ભરતભાઇ રાવલ સરકારી વય મર્યાદાને લઈને નિવૃત થતા અધ્યાપક મંડળ દ્વારા વિદાય સમારોહ યોજવામાં આવ્યો હતો.

પ્રાંતિજ રેલ્વે સ્ટેશન વિસ્તારમાં આવેલ શ્રી વી.એસ.રાવલ બુનિયાદી અધ્યાપક મંદિર પી.ટી.સી. કોલેજમાં ૧૯૮૬થી જુનીયર કલાર્ક તરીકે ફરજ બજાવતા ભરતભાઇ જયદેવપ્રસાદ રાવલ તા.૨૬-૪-૨૦૧૯ને શુક્રવારના રોજ સરકારી ધારા ધોરણ મુજબ વયમર્યાદાને કારણે નિવૃત થતાં વી.એસ. રાવલ પી.ટી.સી. કોલેજ અધ્યાપક મંડળ દ્વારા વી.એસ. રાવલ પીટીસી કોલેજ ખાતે વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. તેવોને ઉપસ્થિત મહેમાનો તથા વી.એસ. રાવલ પીટીસી કોલેજ અધ્યાપક મંડળ પરિવાર દ્વારા શાલ, શ્રીફળ, મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બનાસકાંઠા

નિવૃત્ત ડીઓ હર્ષદભાઇ રાવલ, વી.એસ. રાવલ પીટીસી કોલેજ બીએડ કોલેજના સંચાલક ભાસ્કરભાઇ રાવલ, ગીતાબેન રાવલ, વી.એસ. રાવલ, પબ્લિક સ્કૂલના સંચાલક સંકેતભાઇ રાવલ, વી.એસ. રાવલ બુનિયાદી અધ્યાપક મંદિર પીટીસી કોલેજના આચાર્ય વર્ષાબેન રાવલ, વી.એસ. રાવલ પબ્લિક સ્કૂલના પ્રિન્સિપાલ મનીષા ચિતલે, અલ્કાબેન રાવલ, શંભુભાઇ રાવલ, શંકરભાઇ રાવલ, સતીષભાઇ રાવલ સહિત વી.એસ. રાવલ પીટીસી કોલેજના અધ્યાપક મિત્રો આમંત્રણત્રિક મહેમાનો સંગા સંબંધીઓ સહિત લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા અને નિવૃત્ત થઈ રહેલ ભરતભાઇ જયદેવ પ્રસાદ રાવલને શુભેચ્છાઓ શુભકામનાઓ સાથે મોમેન્ટો,ગીફ્ટ આપી સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન રસિકભાઇ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું.

વડગામ ધારાસભ્ય જિગ્નેશ મેવાણીની ટીમ ભાટવાસ પહોંચી ગ્રામજનોની મુલાકાત લીધી

વડગામ, તા. ૨૬

વડગામ તાલુકાના ભાટવાસ ગામમાં પ્રાથમિક સુવિધાઓનો અભાવ વર્તાતો રહ્યો છે જે અંગેનો અહેવાલ ગાંધીનગર સમાચારમાં પ્રસિદ્ધ થતા જ વહિવટીતંત્ર હરકતમાં આવી ગયું છે.

સિસરાણા ગૃપ ગ્રામ

પંચાયતમાં આવતા ભાટવાસમાં છેલ્લા કેટલાક સમયથી પાણીનો બોર શોભાના ગાંઠિયા સમાન બની ગયો છે. ગામમાં રોડની સુવિધા નથી, સ્ટ્રીટલાઈટ નથી, ગટર વ્યવસ્થા નથી, સ્મશાનની સુવિધા પણ નથી. આ ગામમાં આઝાદીના દાયકાઓ પછી પણ પ્રાથમિક સુવિધા જ નથી જેના કારણે ગ્રામજનો તોબા પોકારી ઊઠયા છે. આ અંગે 'ગાંધીનગર સમાચાર'ના પ્રતિનિધિએ ગામની મુલાકાત લઈને ગ્રામજનોની સમસ્યાઓનો અહેવાલ પ્રસિદ્ધ કરતાં તાલુકાનું તંત્ર હરકતમાં આવી ગયું છે એટલું જ નહીં પણ વડગામના જાગૃત ધારાસભ્ય જિગ્નેશ મેવાણીએ આ અખબારી અહેવાલને ગંભીરતાથી લઈને તેમની ટીમને તાત્કાલિક ભાટવાસ મોકલીને ગ્રામજનોની મુલાકાત લીધી હતી. ગ્રામજનોની સમસ્યાઓ અંગેની માહિતી મેળવી હતી.

વર્ષોથી અગવડતા ભોગવતા ભાટવાસના લોકોની સમસ્યાઓને સરકાર સમક્ષ રજૂ કરીને તાત્કાલિકના ધોરણે ગ્રામજનોને સુવિધા અપાવવા વહીવટીતંત્રના પણ કાન આમળવા તૈયારીઓ કરાઇ છે ત્યારે જવાબદાર તંત્ર લોકોની સમસ્યાઓ દુર કરવા મદદરૂપ બનશે ખરા ?

પાલનપુર માર્કેટયાર્ડમાં ટેકાના ભાવે રાયડાના રજિસ્ટ્રેશન માટે ખેડૂતોને ધરમ ધક્કા

જમા કરાયેલા ફોર્મ જાતે શોધવાની નોબત આવી

પાલનપુર

સરકાર દ્વારા ટેકાના ભાવે રાયડાની ખરીદી કરવામાં આવનારી છે. જેના માટે માર્કેટયાર્ડમાં રજિસ્ટ્રેશન કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. જોકે, પાલનપુર માર્કેટયાર્ડમાં ટેકાના ભાવે રાયડાના રજિસ્ટ્રેશન માટે ખેડૂતોને ધરમ ધક્કા ખાવા પડી રહ્યા છે. જે ખેડૂતોએ ફોર્મ ભર્યા છે. તેમને જાતે જ ફોર્મ શોધવા પડતાં હોઈ તંત્ર સામે ભારે રોષની લાગણી ફેલાઇ છે.

પાલનપુર માર્કેટયાર્ડમાં ટેકાના ભાવે રાયડાના રજિસ્ટ્રેશન માટે ખેડૂતોને ધરમ ધક્કા ખાવા પડી રહ્યા છે. જે ખેડૂતોએ ફોર્મ ભર્યા છે. તેમને જાતે જ ફોર્મ શોધવા પડતાં હોઈ તંત્ર સામે આક્રોશ સાથે જણાવ્યું હતું કે, એક સપ્તાહ અગાઉ રજિસ્ટ્રેશન માટે ફોર્મ ભર્યા હતા. જેની ખરાઈ કરવા માટે માર્કેટયાર્ડમાં આવીએ ત્યારે ફોર્મનું કોઈ ઠેકાણું મળતું નથી. મોટા ભાગના ફોર્મ અસ્તવ્યસ્ત હાલતમાં પડેલા જોવા મળી રહ્યા છે. આ અંગે અધિકારીને કહેવા જતાં તમારી જાતે જ ફોર્મ શોધી લો તેવો ઉડાઉ જવાબ મળી રહ્યો છે. ત્યારે જિલ્લા કલેકટર દ્વારા આ બાબતની ગંભીર નોંધ લઈ ઘટતી કાર્યવાહી કરવામાં આવે તેવી ખેડૂતોની માંગ ઉઠવા પામી છે.

ભિલોડા ન્યાય મંદિરના ન્યાયાધીશએ ચેક રીટર્ન કેસમાં આરોપીને એક વર્ષની સાદી કેદની સજા

ભિલોડા,તા.૨૬

ભિલોડા ન્યાય મંદિરના ન્યાયાધીશએ ચેક રીટર્ન કેસમાં આરોપીને એક વર્ષની સાદી કેદની સજા અને રૂા.૫૦૦૦/- દંડ ભરવાનો હુકમ ફરમાવ્યો છે. ધંબોલીયા ગામના નરેન્દ્રસિંહ ભીખુસિંહ રાઠોડને કોર્ટ મારફતે ન્યાય મળતા આનંદની લાગણી પ્રસરી છે.આડેધડ બેંકોના ચેકો આપી નાણાંકીય વ્યવહારો સાચવતા ઈસમોમાં ભારે ફફડાટ ફેલાયો છે.

ભિલોડાના ધારાશાસ્ત્રી રફીકભાઈ કે. મનસુરી (સાબલીવાળા) એ જણાવ્યું હતું કે ધંબોલીયા ગામના નરેન્દ્રસિંહ ભીખુસિંહ રાઠોડએ મિત્રતાના નામે મિત્રતા રાખવા સબંધ જાળવવા માટે મિત્ર રમણભાઈ શીવાભાઈ ભગોરા ઉપર અતુટ વિશ્વાસ મુકીને રૂા.૩,૫૦,૦૦૦/- હાથ ઉછીના આપ્યા હતા પરંતુ ઉઘરાણી કરવા છતાં સમયસર પેમેન્ટ મળતુ ન હોવાના કારણે મિત્રતામાં ઉછીના આપેલા રૂપિયા પરત ન આવતાં રૂપિયા ધીરનાર મિત્ર હેરાન પરેશાન થઈ રહ્યા હતા.

ઉછીના રૂપિયા ધીરનાર નરેન્દ્રસિંહ રાઠોડ ફરીયાદીના ધારાશાસ્ત્રી રફીકભાઈ કે. મનસુરીએ ન્યાય મંદિર મેજીસ્ટ્રેટ સમક્ષ આધાર પુરાવાના આધારે ધારદાર રજુઆતો,દલીલો કરતા ન્યાયાધીશએ ઉછીના રૂપિયા મેળવનાર વ્યક્તિને ગુનેગાર ઠરાવી એક વર્ષની સાદી કેદની સજા અને રૂા.૫૦૦૦/- નો દંડ ભરવાનો હુકમ ફરમાવ્યો હતો. દંડની રકમ ભરવામાં આરોપી ઢીલ કરે તો આરોપીને વધુ ત્રણ માસની સાદી કેદની સજાનો હુકમ ફરમાવ્યો હતો.